કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરનાર અનુસુચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા બાબત

ગુજરાત સરકાર

**સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**ઠરાવ ક્રમાંક:** SJED/ASC/e-file/17/2025/2316/K

સચિવાલય, ગાંધીનગર.

**તા.**ઈ-સાઈન મુજબ.

**વંચાણે લીધા:-**

(૧) નાણા વિભાગનો તા. ૩૦/૦૯/૨૦૧૫નો પરિપત્ર ક્રમાંક:- પગર-૧૦૨૦૧૫-૬૦૫૫૧૫

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ-૧

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪/૦૯/૨૨નો ઠરાવ ક્રમાંક: ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/પાર્ટ-૧/ક

(૪) શિક્ષણ વિભાગનો તા.૦૭/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:- બમશ/૧૧૧૫/૬૨૭/ગ

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૧/૧૦/૨૦૨૫નો પત્ર ક્રમાંક: DSCWG/WOA/e-file/224/2025/1570/G

(૬) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭/૦૮/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: અશમ/૧૦૨૦૨૧/૩૭/ક

**આમુખ:-**

વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૨) થી આ વિભાગ હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને પેન્શન/નિવૃત્તિના લાભો આપવા અંગે ઠરાવ કરવામાં આવેલ છે તથા તે અંગેની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

નિયામકશ્રી , અનુસૂચિત જાતિ કલ્યાણના ઉપર વંચાણે લીધા ક્રમાંક (૫)ના તા.૦૧.૧૦.૨૦૨૫ના પત્રથી ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને CCC/CCC+ પરીક્ષા પાસ કરવાથી તથા ઉચ્ચત્તર પગારધોરણ માટેની અન્ય જોગવાઈઓ સંતોષતા હોય તો ગ્રાન્ટ-ઈન-એઈડ આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને પાત્રતાની તારીખથી ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા માટે હુકમ કરવા દરખાસ્ત કરેલ હતી.

અગાઉ અત્રેથી વંચાણે લીધેલ ક્રમાંક - (૬) પરના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ અને વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓે તા.૩૧/૧૨/૨૦૨૦ સુધીમાં CCC/CCC+ પરીક્ષા પાસ કરેલ હોય તથા ઉચ્ચત્તર પગારધોરણ માટેની અન્ય જોગવાઈઓ સંતોષતા હોય તો ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને પાત્રતાની તારીખથી ઉચ્ચત્તર પગારધોરણ મળવાપાત્ર થાય તે માટે ઠરાવ બહાર પાડવામાં આવેલ હતો.

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક - (૩) પરના ઠરાવથી રાજ્યના સરકારી કર્મચારી/અધિકારીઓને તા.૩૧/૧૨/૨૦૨૦ બાદ પણ મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા ઠરાવવામાં આવેલ છે. જે ઠરાવના અનુસંધાનમાં શિક્ષણ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક - (૪) થી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસીની પરીક્ષા તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી પાસ કરી શકયા નથી, તેમના કિસ્સામાં મુદતમાં વધારો કરી તેઓએ તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમિયાન CCC/CCC+ પરીક્ષા પાસ કરવાથી તથા ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા માટેનો ઠરાવ બહાર પાડેલ છે. ઉક્ત ધોરણે આ વિભાગ હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાના અંતે , શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક - (૪) પરના તા.૦૭/૧૦/૨૦૨૨ ના ઠરાવ ધ્યાને લઈ, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની ગ્રાન્ટ-ઈન-એઈડ આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓ ઉચ્ચત્તર પગારધોરણ માટેની અન્ય જોગવાઈઓ સંતોષતા હોય તે ધ્યાને લઈ, નીચે મુજબની શરતોને

આધીન ઉચ્ચતર પગાર ધોરણ આથી મજુર કરવામા આવે છે.

(૧) અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની જે બિન સરકારી અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસીની પરીક્ષા તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી પાસ કરી શક્યા નથી, તેમના કિસ્સામાં તેઓએ તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા. ૩૧/૧૨/૨૦૨૪ દરમિયાન સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો દ્વારા લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ની પરીક્ષા પાસ કરેલી હશે તથા ઉચ્ચત્તર પગારધોરણ માટેની અન્ય જોગવાઈઓ સંતોષતા હોય તો ઉચ્ચત્તર પગારધોરણની પાત્રતાની તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

(૨) જે બિન સરકારી અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં તેઓએ તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન સરકાર માન્ય પરીક્ષા કેન્દ્ર મારફત લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરેલ હોય અને અગાઉ ઉચ્ચત્તર પગારધોરણનો લાભ પરીક્ષા પાસ કર્યા તારીખથી મંજૂર કરાયેલ હોય તો તેવા કિસ્સાઓમાં ઉચ્ચત્તર પગારધોરણની પાત્રતાની તારીખમાં ફેરફાર કરી ઉચ્ચત્તર પગારધોરણની મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવાનું રહેશે.

(૩) તા.૩૧/૧૨/૨૦૨૪ બાદ બિન સરકારી અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓ જે તારીખે કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરશે તે તારીખથી અન્ય શરતો પૂર્ણ કરવાને આધીન, તેઓને ઉચ્ચત્તર પગારધોરણ મળવાપાત્ર થશે.

(૪) નાણા વિભાગના તા.૩૦/૦૯/૨૦૧૫ ના પરિપત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૫-૬૦૫૫૧૫-મ થી ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા અંગેની સંકલિત સૂચનાઓ બહાર પાડેલ છે. આ સૂચનાઓ તથા ત્યારબાદ વખતોવખત બહાર પાડેલ સૂચનાઓ રાજ્યની અનુસૂચિત જાતિ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરતા સમયે લાગુ પાડવાની રહેશે તથા નાણા વિભાગની વખતોવખતની સૂચના મૂજબ ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવા અંગેની તમામ શરતો સંતોષાયેથી જ કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

e-sd/-
(હેમંત શ્રીમાળી)
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(અ.જા.ક.),નિયામકશ્રી(અ.જા.ક.) મારફત.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઈટ પર મુકવા સારૂ.)
- સિલેક્ટ ફાઈલ - ૨૦૨૬.

Signature Not Verified
Signed by: H M Shrimal
Deputy Secretary
Date:2026.02.05
15:29:29 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign